**ઇન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ (IFA),**
**વુમન ઑફ વાસ્તુકલા આર્કાઇવ**
(Women of Vaastukala Archive)
સાથેના સહયોગમાં, તેના
**આર્કાઇવ્સ એન્ડ મ્યુઝિયમ્સ પ્રોગ્રામ**
(Archives and Museums programme)
હેઠળ
**IFA X WoV સર્જનાત્મક અને સંશોધનાત્મક પ્રોજેક્ટ્સ**
(IFA X WoV Creative and Scholarly Projects)
માટે અરજીઓ આમંત્રિત કરે છે.

**અંતિમ તારીખ:** ફેબ્રુઆરી 20, 2026

વધુ વિગતો માટે લખો: ritwika@indiaifa.org

અથવા મુલાકાત લો: www.indiaifa.org

**આર્કાઇવ્સ એન્ડ મ્યુઝિયમ્સ પ્રોગ્રામ (Archives and Museums programme) ને ટાટા ટ્રસ્ટ્સ (Tata Trusts) દ્વારા સહાય આપવામાં આવે છે.**

## ઇમેલ પરિપત્ર:

**ઇન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ (IFA)**, ભારત સ્થિત **વુમન ઑફ વાસ્તુકલા આર્કાઇવ (Women of Vaastukala Archive)** સાથેના સહયોગમાં, અમારા **આર્કાઇવ્સ એન્ડ મ્યુઝિયમ્સ પ્રોગ્રામ (Archives and Museums programme)** હેઠળ **IFA X Women of Vaastukala Creative and Scholarly Projects** માટે અરજીઓ આમંત્રિત કરે છે. આ કાર્યક્રમના બે મુખ્ય ઉદ્દેશ્યો છે: કલા વ્યવસાયિકો અને સંશોધકોને આર્કાઇવ્સ અને મ્યુઝિયમ સંગ્રહો સાથે લોકસહભાગિતા વધારવા માટે નવા, સમીક્ષાત્મક અને સર્જનાત્મક ઉપાયો અજમાવવાની તક આપવી; અને આ માધ્યમોને સંવાદ અને વિચારવિમર્શના સક્રિય મંચ તરીકે વિકસાવવું. આ કાર્યક્રમ હેઠળના અગાઉના પ્રોજેક્ટ્સ વિશે વધુ જાણવા માટે અહીં વાંચો.

### વુમન ઑફ વાસ્તુકલા આર્કાઇવ (Women of Vaastukala Archive) વિશે

વર્ષ 2022માં સૌ માટે ખુલ્લું જાહેર કરાયેલું આ આર્કાઇવ મુખ્યત્વે વેબ પર ઉપલબ્ધ છે અને તેમાં ભારતભરના આર્કિટેક્ચર, ડિઝાઇન, પ્લાનિંગ અને સંબંધિત ક્ષેત્રોમાં કાર્યરત 21 મહિલા વ્યાવસાયિકોના મૌખિક ઇતિહાસો સંગ્રહિત છે. ગ્રેહામ ફાઉન્ડેશન, શિકાગો (Graham Foundation, Chicago) ના સહયોગથી તૈયાર થયેલ આ આર્કાઇવ, *"ભારતના સ્થાપત્ય ઇતિહાસનું પુનઃઅવલોકન: 20મી સદીની મહિલા સ્થાપત્ય વ્યવસાયિકોના અનુસંધાનમાં" (Revisiting India's Architectural History: Tracing the Women Practitioners of Twentieth Century India)* નામના સંશોધન પ્રોજેક્ટમાંથી વિકસ્યું છે. આ પહેલનો **ઉદ્દેશ** માનવસર્જિત પર્યાવરણ ઉદ્યોગમાં વિવિધ સ્તરો અને ભૂમિકાઓમાં કાર્યરત મહિલા વ્યાવસાયિકો સાથે થયેલ સંવાદોને દસ્તાવેજીકૃત કરવો, તેમના જીવનપ્રવાસોને નકશાંકિત કરવું અને સ્વાતંત્ર્યોત્તર ભારતના સ્થાપત્ય ઇતિહાસ અંગે વૈકલ્પિક વર્ણન નિર્માણ કરવાનું છે. આ આર્કાઇવનું પ્રારંભિક પ્રદર્શન *"ભારતીય સર્જનશાળાનું વિશ્લેષણાત્મક વિખંડન: મહિલા વ્યાવસાયિકોની કથાઓની શોધમાં" Vandalising the Indian Atelier: in search of stories of women practitioners (2023)* અર્થશિલા, અમદાવાદ ખાતે યોજાયું હતું. ત્યારબાદ આ આર્કાઇવ કોચી અને બેન્ગલુરું ખાતે અનુક્રમે **IIA-YAF** અને **IIID** ફોરમ્સમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં લિંગ અધ્યયન (gender studies), આર્કાઈવિંગ અને અવકાશીય ડિઝાઇન સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

હાલમાં આ આર્કાઇવને [ક્યુરેટિંગ ફોર કલ્ચર (Curating for Culture)](#) દ્વારા સહાય અને હોસ્ટિંગ આપવામાં આવે છે. આ સમૂહનો મુખ્ય ઉદ્દેશ અદૃશ્ય અથવા અવગણાયેલા ઇતિહાસોને દૃશ્યમાન બનાવવાનો છે. આ સમૂહના કાર્યના કેન્દ્રમાં સમાવિષ્ટ છે – વ્યક્તિગત કથાઓનો સમાવેશ કરવો, આર્કાઇવ રચવાની પ્રક્રિયામાં સમુદાયની સહભાગિતાને અપનાવવી અને તેને જાહેર સ્તરે અર્થસભર રીતે રજૂ કરવું.

## આ સંગ્રહ વિશે

આ આર્કાઇવમાં મૌખિક ઇતિહાસોના ઑડિયો રેકોર્ડિંગ્સ સંગ્રહિત છે. આ રેકોર્ડિંગ્સને શીર્ષક આપીને નાના સાઉન્ડ ક્લિપ્સ સ્વરૂપે ગોઠવવામાં આવ્યા છે. આ રેકોર્ડિંગ્સ મુખ્યત્વે ઑનલાઇન માધ્યમો દ્વારા અથવા વ્યક્તિગત મુલાકાત દરમિયાન કરવામાં આવ્યા હતા. આ ક્લિપ્સ 20મી સદીના ભારતની મહિલા સ્થાપત્ય ક્ષેત્રના વ્યાવસાયિકોના જીવનપ્રવાસોને રજૂ કરે છે. સાથે સાથે, તેમના સ્થાપત્ય યોગદાનોને ભારતના સ્થાપત્ય ઇતિહાસના વ્યાપક વર્ણનમાં મહત્વપૂર્ણ નિશાનચિહ્નો તરીકે સ્થાન આપવામાં આવ્યું છે, જેથી સ્થાપિત વર્ણનમાં અર્થપૂર્ણ પરિવર્તન લાવવાનો આશય સિદ્ધ થાય.

*શા માટે?* ભારતના 20મી સદીના સ્થાપત્ય ઇતિહાસનું પ્રચલિત વર્ણન મોટાભાગે પુરુષ સ્થાપત્યકારો અને ઇજનેરોના યોગદાનોની આસપાસ ગોઠવાયેલું રહ્યું છે. દેશની મહિલા સ્થાપત્યકારો તેમજ અન્ય વિવિધ ભૂમિકાઓમાં કાર્યરત મહિલા વ્યાવસાયિકોના યોગદાન અંગે દસ્તાવેજીકરણ અને પ્રસાર અત્યંત મર્યાદિત રહ્યો છે. વધુમાં, ભારતીય સ્થાપત્ય ઇતિહાસ અંગેના વર્તમાન વર્ણનો ભૂગોળીય અને સામાજિક-રાજકીય સીમાઓથી પણ પ્રભાવિત રહ્યા છે. **મૌખિક ઇતિહાસના રેકોર્ડિંગ્સ, દૃશ્ય દસ્તાવેજીકરણ અને વાર્તાકથનના વિવિધ સાધનોના** સચેત ઉપયોગ દ્વારા, વુમન ઑફ વાસ્તુકલા આર્કાઇવ્સ (Women of Vaastukala Archives) એક સર્વસુલભ આર્કાઇવનું નિર્માણ કરે છે. આ પ્રક્રિયા દ્વારા ભારતમાં લિંગ (gender) અને માનવસર્જિત પર્યાવરણ વચ્ચેના પરસ્પર સંબંધ અંગે ચાલતા વિમર્શને વધુ અર્થસભર બનાવવામાં યોગદાન આપે છે.

હાલ સુધી આ પહેલમાં ભાગ લેનાર મહિલા વ્યાવસાયિકોમાં **બલવિંદર સૈની, ચિત્રા વિશ્વનાથ, ફાલ્ગુની દેસાઈ, ગૌરી વિરદી, ગીતા બાલકૃષ્ણન, લીના કુમાર, મધુ સારિન, માધવી દેસાઈ, મીનાક્ષી જૈન, નલિની ઠાકુર, નીના ચંદાવરકર, પારુલ ઝવેરી, પુનિતા મહેતા, રેણુ સૈગલ, શીલા શ્રી પ્રકાશ અને વીણા ગરેલા** નો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટનો વ્યાપ હવે એ દિશામાં પણ વિસ્તર્યો છે કે, જે મહિલા વ્યાવસાયિકો હવે હયાત નથી, તેમના સાથે સંકળાયેલા વ્યક્તિઓના પરિપ્રેક્ષ અનુભવોને પણ સંગ્રહિત કરવામાં આવે. આ અંતર્ગત, સ્થાપત્યકાર સ્વ. હેમા સાંકળિયા, તારા ચંદાવરકર અને રેવતી કામથ ના ક્લાયન્ટ્સ, પરિવારજનો અને મિત્રોના ઇન્ટરવ્યૂ લેવામાં આવ્યા, જેથી તેમના જીવનઅનુભવો અને કાર્યપ્રવાસનો સંકલિત દસ્તાવેજ તૈયાર કરી શકાય.

*કેવી રીતે?* આ આર્કાઇવમાં થયેલ રેકોર્ડિંગ્સને એવો ઉદ્દેશ રાખીને તૈયાર કરવામાં આવ્યાં છે કે ઇન્ટરવ્યૂ આપનારનો પ્રથમ-પુરુષ દૃષ્ટિકોણ શ્રોતાઓ, વાચકો અને સંશોધકો સુધી સ્પષ્ટ રીતે પહોંચે. ડેટા સંપાદનમાં માત્ર જરૂર પુરતું સાઉન્ડ શુદ્ધિકરણ અને સંવેદનશીલ માહિતી દૂર કરવાની પ્રક્રિયા કરવામાં આવી છે.

આ આર્કાઇવ મૌખિક ઇતિહાસના એવા પ્રારંભિક અને વિરલ ઉદાહરણોમાંનો એક છે, જેણે તેના વિશાળ ડેટાસંગ્રહને સામગ્રી વ્યવસ્થાપન પ્રણાલી (**content management system**) ની મદદથી શોધયોગ્ય બનાવવાનો પ્રયાસ કર્યો છે. આ પ્રક્રિયામાં બે સાધનો ખાસ અસરકારક સાબિત થયા છે: મેટાડેટા (metadata) અને મુખ્ય શબ્દો (keywords)નું સુવ્યવસ્થિત નકશાંકન, તેમજ દરેક સત્રના ટૂંકા સારાંશો તૈયાર કરીને તેના મુખ્ય વર્ણનને ઉજાગર કરવું.

## WoV આર્કાઇવ દ્વારા અગાઉના ઉપક્રમો

આર્કાઇવ હજુ ક્યુરેશનની પ્રક્રિયામાં હતું ત્યારે પણ અનેક સંશોધનાત્મક અને અર્થઘટન આધારિત પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:

- *"વ્યક્તિગત અને વ્યવસાયિક વચ્ચેનું સંતુલન" (Negotiating Between the Personal and Professional)* શીર્ષક ધરાવતું પોસ્ટર, *[ફેમિનિસ્ટ કલેક્ટિવ ઇન આર્કિટેક્ચર (Feminist Collective in](#)*

Architecture) કોન્ફરન્સ (2022) દરમિયાન, અમદાવાદ સ્થિત મિલ ઓનર્સ એસોસિએશન ખાતે રજૂ કરવામાં આવ્યું હતું.

- *"મૌખિક ઇતિહાસનું દૃશ્યરૂપ પ્રસ્તુતીકરણ" (Visualisation of Oral Histories)* નામનો પ્રસ્તાવ *ડિજિટલ વિશ્વમાં મૌખિક ઇતિહાસ (Oral History in the Digital World)* ઉપર આધારિત 7મી OHAI Conference ખાતે રજૂ કરવામાં આવ્યો હતો.
- *"લોકસહભાગિતા માટે મૌખિક ઇતિહાસ પ્રોજેક્ટ્સનું ક્યુરેશન" (Curating oral history projects for public engagement)* શીર્ષક હેઠળ ત્રણ પ્રોજેક્ટ્સની પેનલ, સંસ્કૃતિ માટે ક્યુરેશન (Curating for Culture) (2022) દ્વારા રજૂ કરવામાં આવી હતી.

તેમના વિગતવાર અભ્યાસ માટે અહીં ક્લિક કરો.

આ આર્કાઇવ, તેની કાર્યપ્રક્રિયા અને તેના પ્રભાવોને પ્રદર્શનો માટે આમંત્રિત થયેલ છે, તેમજ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પહેલોમાં તેમના પર સમીક્ષાત્મક ચર્ચા કરવામાં આવેલ છે:

- "ભારતીય સર્જનશાળાનું વિશ્લેષણાત્મક વિખંડન પ્રદર્શનમાંથી સંકલિત વાંચનસંગ્રહ" *(Collection of Readings from the exhibition Vandalising the Indian Atelier)* જે વુમન રાઇટિંગ આર્કિટેક્ચર *(Women Writing Architecture)* માં સપ્ટેમ્બર 08, 2025માં પ્રકાશિત થયો હતો.
- મેરી નોર્મન વૂડ્સ દ્વારા લખાયેલ "પ્રચલિત ધોરણો સામે: મહિલા સ્થાપત્યકારો દ્વારા આર્કાઇવ અને મોનોગ્રાફનું પુનર્વાંચન અને પુનઃકલ્પન" *(AGAINST THE GRAIN: Women Architects Rereading and Reimagining the Archive and Monograph)*, જેનો ડાના આર્નોલ્ડ્સ દ્વારા સંપાદિત "મહિલાઓ અને સ્થાપત્ય ઇતિહાસ: તે સમય અને અત્યારે" *(Women and Architectural History: The Monstrous Regiment Then and Now)*, રાઉલેજ, 2024, ગ્રંથમાં સમાવેશ થયેલ છે.
- "વુમન ઑફ વાસ્તુકલા આર્કાઇવ" *(Women of Vaastukala Archive)*, જે "નારીવાદી અવકાશીય પ્રયોગો" *(Feminist Spatial Practices)* માં જુલાઈ 18, 2025માં પ્રકાશિત થયેલ છે.
- "સમત્વ: નિર્મિત પર્યાવરણનું આકારદાન" *(Samatva: Shaping the Built)* ભારતનું પ્રથમ કલા, સ્થાપત્ય અને ડિઝાઇન દ્વિવાર્ષિક મહોત્સવ *(Art, Architecture, and Design Biennale – IAADB)* છે, જેને સ્વાતી જાનુ દ્વારા ક્યુરેટ કરવામાં આવ્યું હતું અને સંસ્કૃતિ મંત્રાલય દ્વારા લાલ કિલ્લા ખાતે 2023-24 દરમિયાન તેને આયોજિત કરવામાં આવ્યું હતું.
- "ભારતીય સ્થાપત્યની મહિલાઓની કથાઓનું સંકલન" *(Collecting stories of women of Indian architecture)* શીર્ષક હેઠળનો લેખ ઇશિતા શાહ દ્વારા લખાયેલ છે, જે એએસ આર્કિટેક્ચર સ્વિસ *(AS Architecture Suisse)*, AS 226 3 – 2022/2023 માં પ્રકાશિત થયો હતો.

## સર્જનાત્મક અને શૈક્ષણિક પ્રોજેક્ટ્સના વ્યાપ અંગે

ક્યુરેટિંગ ફોર કલ્ચર (Curating for Culture) ભારતમાં 2026ના શિયાળુ ઋતુ દરમિયાન એક **ફોરમ** — અર્થાત્ સમુદાય આધારિત અવકાશ — રચવાની દિશામાં કાર્યરત છે. આ ફોરમના કેન્દ્રમાં WoV આર્કાઇવ પાછળ રહેલો આશય અને તેનો વ્યાપક પ્રભાવ રહેશે. તેની સાથે નીચે દર્શાવેલ **વિષયક્ષેત્રો** પણ વિચારવિમર્શના મહત્વપૂર્ણ ભાગ બનશે:

- નારીવાદી અવકાશીય પ્રયોગો
- સાંસ્કૃતિક સંરક્ષણ માટે સમુદાયની સહભાગિતા
- ભારતના શહેરી વિકાસના સંદર્ભમાં અવકાશીય સ્થિતિસ્થાપકતાની આવશ્યકતા

**અમે અરજદારોને આમંત્રિત કરીએ છીએ કે તેઓ પોતાના અર્થઘટનો સાથે જોડાય, સહભાગ ને સહયોગ કરે અને અમારી સાથે મળીને આ ફોરમનું સહ-ક્યુરેશન કરે.**

**સંશોધનાત્મક પ્રોજેક્ટ માટે, અમે એવા પ્રસ્તાવો પ્રોત્સાહિત કરીએ છીએ, જે:**

- અવકાશીય ડિઝાઇન અને માનવસર્જિત પર્યાવરણ ઉદ્યોગમાં કાર્યરત એવી મહિલા વ્યાવસાયિકો સાથે નવા ઇન્ટરવ્યૂ યોજવા, જરૂરી નથી કે તેઓ નેતૃત્વસ્થાનો પર જ હોય.
- વર્તમાન સંગ્રહોનો અભ્યાસ અને અર્થઘટન કરીને જીવંત અનુભવો, ઊભરતા મૂલ્યો અને ડિઝાઇન પ્રક્રિયાઓની તુલના કરે અને વ્યાપક ઉદ્યોગ ક્ષેત્રમાં થતા પરિવર્તનોને નકશાંકિત કરે.
- દ્વિતીયક સ્ત્રોતો સાથે સંવાદ સ્થાપિત કરીને દેશભરમાં **નારીવાદી અવકાશીય પ્રયોગોમાં રહેલી સાંસ્કૃતિક સ્થિતિસ્થાપકતાના** સૂક્ષ્મ પાસાઓને સમજવાનો પ્રયાસ કરે અને આ વાંચનને દક્ષિણ એશિયા સુધી વિસ્તારે.

**સર્જનાત્મક પ્રોજેક્ટ માટે, અમે એવા પ્રસ્તાવો પ્રોત્સાહિત કરીએ છીએ, જે:**

- ડિજિટલ માધ્યમથી ઉત્પન્ન થતા પ્રોજેક્ટ્સ અને/અથવા મલ્ટીમીડિયા આધારિત પરિણામોને આરંભી અને અમલમાં મૂકે; સામાજિક માધ્યમ માટે પ્રોટોટાઇપ્સ અથવા નાના સ્તરના પ્રયોગો હાથ ધરે, તેમજ પ્રદર્શન અથવા અવકાશ સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ માટે દીર્ઘકાલીન પરિણામો વિકસાવે.

- અગાઉ યોજાયેલા પ્રદર્શન સાથે સંકળાયેલા મૌખિક ઇતિહાસ સંગ્રહ અને સંબંધિત ભૌતિક આર્કાઇવ્સને કલાત્મક અભિગમ દ્વારા નવી દૃષ્ટિથી પુનઃકલ્પિત કરે.

- દેશભરના **વિખંડિત આર્કાઇવ્સ, સ્થાપત્યમાં લિંગ (gender), સાંસ્કૃતિક સ્થિતિસ્થાપકતા અને નારીવાદી અવકાશીય પ્રયોગો** જેવા વિચારોનું અર્થઘટન કરે.

સંગ્રહો અને સંશોધન માટે ઉપલબ્ધ સામગ્રી અંગે વધુ માહિતી માટે કૃપા કરીને **ઇશિતા શાહ**નો સંપર્ક કરો: info@curatingforculture.com

**પ્રોજેક્ટની અવધિ:** 09–15 months. પ્રોજેક્ટ સંયોજકો માટે આવશ્યક છે કે 2026ના શિયાળામાં યોજાનારા ફોરમમાં રજૂ કરી શકાય તેવું તેમના પ્રકલ્પમાંથી ઓછામાં ઓછું એક નક્કર પરિણામ તૈયાર હોય.

**બજેટ (Budget)**

- પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ. 3,00,000/- થી વધુ ન હોવો જોઈએ.
- પ્રોજેક્ટની સંપૂર્ણ અવધિ માટે પ્રસ્તાવિત બજેટના વધુમાં વધુ 35% સુધી માનદ વેતન (honorarium)ની માંગ કરી શકાશે. આ રકમ કુલ બજેટમાં જ ગણાશે.
- ફાળવાતી રકમ માત્ર પ્રોજેક્ટ સંબંધિત ખર્ચ અને પ્રવૃત્તિઓ માટે જ વપરાશે. ઢાંચાગત ખર્ચ અથવા સાધનોની ખરીદી માટે આ રકમનો ઉપયોગ કરી શકાશે નહીં.

**કોણ અરજી કરી શકે?**

અમે ક્યુરેટર્સ, કલાકારો, કલા-શિક્ષકો, સંશોધકો, લેખકો, અભિનય અને પ્રસ્તુતિ ક્ષેત્રના કલાકારો (પરફોર્મર્સ) તેમજ અન્ય સર્જનાત્મક ક્ષેત્રોમાં કાર્યરત વ્યાવસાયિકો પાસેથી અરજીઓ આમંત્રિત કરીએ છીએ. સાથે સાથે, સંશોધન પૃષ્ઠભૂમિ ધરાવતા અને આર્કાઇવલ સંગ્રહો, મૌખિક ઇતિહાસ, લિંગ (gender) પ્રશ્નો તેમજ ભારતમાં અવકાશીય ડિઝાઇન અથવા માનવસર્જિત પર્યાવરણ ઉદ્યોગના ઇતિહાસ સાથે કાર્ય કરવામાં ગાઢ રસ ધરાવતા વિદ્વાનો પણ અરજી કરી શકે છે.

**પાત્રતા (Eligibility)**

- ફક્ત ભારતીય નાગરિકો જ અરજી કરી શકે છે. ભારતીય મૂળ ધરાવતો વ્યક્તિ (PIO - Persons of Indian Origin) અને પ્રવાસી ભારતીય નાગરિક (OCI - Overseas Citizen of India) કાર્ડધારકો પાત્ર ગણાશે નહીં.
- અરજદારે પાન કાર્ડ ધરાવવું ફરજિયાત છે. ઓળખ અને નાગરિકતાના પુરાવા તરીકે ભારતીય પાસપોર્ટ / આધાર કાર્ડ / મતદાર ઓળખપત્ર પૈકી કોઈ એક દસ્તાવેજ રજૂ કરવો આવશ્યક છે.
- ફક્ત વ્યક્તિગત અરજીઓ માન્ય રહેશે; કોઈપણ પ્રકારની સંસ્થા અરજી કરી શકશે નહીં.

- જો પ્રોજેક્ટમાં સહયોગીઓ હોય, તો તેઓ પણ ભારતીય નાગરિક હોવા જરૂરી છે.
- જેમનો IFA સાથે નાણાકીય અનિયમિતતાનો ઇતિહાસ રહ્યો હોય, તેવા વ્યક્તિઓ અરજી કરવા માટે પાત્ર નથી.
- અગાઉ IFA ગ્રાન્ટ હેઠળ નક્કી કરાયેલા નિર્ધારિત કાર્યો (deliverables) જમા ન કરાવનાર વ્યક્તિ અરજી માટે પાત્ર ગણાશે નહીં.
- જે વ્યક્તિઓને IFA તરફથી અગાઉ કોઈપણ કારણસર ભવિષ્યમાં અરજી ન કરવાની લેખિત સૂચના આપવામાં આવી હોય, તેઓ અરજી માટે પાત્ર નથી.
- હાલમાં IFA દ્વારા અમલમાં મૂકાયેલા કોઈ પ્રોજેક્ટ પર કાર્યરત વ્યક્તિ અરજી કરી શકશે નહીં.
- જો સંયુક્ત ખાતું હોય તો એકથી વધુ વ્યક્તિઓ મળીને અરજી કરી શકે છે. સંયુક્ત ખાતું ન હોય તો તેમની વચ્ચે માત્ર એક વ્યક્તિ મુખ્ય અરજદાર તરીકે અરજી કરશે અને અન્ય વ્યક્તિઓ સહયોગી તરીકે રહેશે.

**રજૂઆત માટે માર્ગદર્શિકા (Submission Guidelines)**

**તમે તમારી અરજી અંગ્રેજી સહિત કોઈપણ ભારતીય ભાષામાં લખી શકો છો.**

નીચેની વિગતો એક જ ઇમેલમાં મોકલશો:

- ઉપર દર્શાવેલ સામગ્રીના આધારે વિકસાવી શકાય એવો પ્રોજેક્ટનો સંક્ષિપ્ત પ્રસ્તાવ. (જો તે સર્જનાત્મક પ્રોજેક્ટ હોય તો સંભવિત સર્જનાત્મક પરિણામોની રૂપરેખા, અને જો સંશોધનાત્મક પ્રોજેક્ટ હોય તો સંશોધન પ્રશ્નો દર્શાવશો.) આ વર્ણનમાં દૂરદર્શિતા (vision), અભિગમ અને સંભવિત પરિણામો સ્પષ્ટ હોવા જોઈએ.
- આ સામગ્રી પરથી વિકસાવી શકાય એવા અન્ય જાહેર કાર્યક્રમો અંગે ટૂંકી નોંધ.
- પ્રોજેક્ટ માટે વિગતવાર સમયરેખા.
- પ્રોજેક્ટ માટે વિગતવાર બજેટ.
- તમારા CV સાથે, તમે ક્યુરેટર, કલાપ્રવર્તક અથવા સંશોધક તરીકે જોડાયેલા કોઈ એક પ્રોજેક્ટનું ટૂંકું વર્ણન સાથે રાખશો. તેમાં તે પ્રોજેક્ટની દૂરદર્શિતા (vision), પ્રક્રિયા અને પરિણામોનો સમાવેશ કરશો. **કૃપા કરીને બિડાણ (attachments) મોકલવાને બદલે લિંક (links) સાથેનો દસ્તાવેજ મોકલશો.**

તમારી અરજી અથવા કોઈપણ પૂછપરછ રીત્વિકા મિશ્રને ritwika@indiaifa.org પર ઇમેલ દ્વારા મોકલશો. Subject line માં **Application for IFA - Women of Vaastukala Archive** લખશો.

**મહત્વપૂર્ણ તારીખો**

- અરજીઓ પહોંચાડવાની અંતિમ તારીખ: **ફેબ્રુઆરી 20, 2026**
- પસંદ થયેલ ઉમેદવારોના ઇન્ટરવ્યૂ: **માર્ચ 2026**
- પ્રોજેક્ટની શરૂઆત: **માર્ચ 2026**, અવધિ **15 મહિના માટે**.

**IFA આ પ્રોજેક્ટનો અમલ તમારી સાથે સીધા પ્રોજેક્ટ સંયોજક તરીકે કરશે.**

કૃપા કરીને નોંધ લેશો કે IFA બાળકો સહિત દરેક વ્યક્તિ માટે સહાયક, સન્માનજનક અને સુરક્ષિત વાતાવરણ જાળવવા પ્રતિબદ્ધ છે. અરજદારે આ મૂલ્યો સાથે સહમતી દર્શાવી તેમનું હંમેશા પાલન કરવું આવશ્યક છે.

**આર્કાઇવ્સ એન્ડ મ્યુઝિયમ્સ પ્રોગ્રામ (Archives and Museums programme) ને ટાટા ટ્રસ્ટ્સ (Tata Trusts) દ્વારા સહાય આપવામાં આવે છે.**

છબીઓ: વુમન ઑફ વાસ્તુકલા આર્કાઇવ (Women of Vaastukala Archive)

સાદર,
IFA ટીમ